# ચિત્શક્તિ વિલાસ

## સ્વામી મુક્તાનંદ

રામજા નામનો એક ભરવાડ હતો. એ ઘણો ધનવાન હતો. તે પોતાના ઇષ્ટદેવ ખંડોબા અને તેમના વાહનની સુવર્ણ મૂર્તિઓની પૂજા કરતો હતો. ખંડોબાનું વાહન ઘોડો, મૂર્તિ કરતાં મોટો હતો. મહાપુરુષોનું કથન છે કે લક્ષ્મી ચંચળ છે, વસ્તુતઃ સાચું છે. સ્થિર કંઈ જ રહેવાનું નથી. દિવસો બદલાતા રહે છે. રામજાની પણ આવી જ સ્થિતિ બદલાઈ ગઈ. શ્રીમાન હતો, દરિદ્રી બન્યો.

તમે એને એવું સમજો કે એક જ માતાનાં બે સંતાન છે — સંપન્નતા અને દરિદ્રતા. બંને સગી બહેનો છે. એવી જ રીતે સુખ અને દુઃખ, કીર્તિ અને કલંક ભાઈ ભાઈ હોવાથી સાથેસાથે રહે છે. પરસ્પર ઘણા પ્રેમથી રહે છે. એકબીજાથી કદી દૂર નથી થતાં. ન તો એકબીજાને ભૂલે છે. એટલું જ છે કે આપણું સ્વાગત ક્યારેક મોટો ભાઈ કરે છે તો ક્યારેક નાનો ભાઈ. જ્યારે મોટો ભાઈ સ્વાગત કરે તો આપણે સંપત્તિ, ઐશ્વર્ય, સત્તા અને રાજત્વ પામીએ છીએ. જ્યારે નાનો ભાઈ મોટા ભાઈને કહે છે, 'મોટા ભાઈ, તમે જરા વિશ્રામ કરો, હવે હું થોડી સેવા કરીશ' ત્યારે કંગાળતા, ફકીરી, આપત્તિ, દુર્દશા આવી જાય છે.

રામજાની સાથે પણ આવું જ થયું. મોટી બહેન વિશ્રાંતિ કરવા ગઈ અને નાની બહેન સ્વાગત કરવા આવી. રામજા કંગાળ બન્યો. ખાવાપીવાની પણ મુશ્કેલી પડી ગઈ. લોકોએ કહ્યું, ''અરે રામજા ભાઈ, શા માટે આવી દીનતા ભોગવો છો? આ જુઓ, તમારા દેવઘરમાં જે સોનાની મૂર્તિઓ છે એને ભગવાનને ક્ષમા માટે પ્રાર્થના કરીને વેચી નાખો. ફરીથી ઘેટાં ખરીદો અને પોતાનો ધંધો ચલાવો. ફરીથી પૈસા કમાઓ. ફરી નવેસરથી મૂર્તિઓ બનાવજો, એમાં પ્રાણપ્રતિષ્ઠા કરજો, પૂજા કરજો, બ્રાહ્મણ, સાધુસંત, ગરીબ, આંધળા, લંગડા બધાંને ખવડાવજો. તમારો ધંધો ચાલવાથી સત્કર્મ પણ થશે.''

દરિદ્રતાની અવસ્થામાં વિચાર પણ કનિષ્ઠ થઈ જાય છે. માનવ દરિદ્રી કેવળ સોના કે ધનમાં જ નહીં, પરંતુ વિચારમાં પણ થઈ જાય છે. રામજાએ લોકોની વાત માની લીધી. ઘોડાસહિત ખંડોબાને ઝોળીમાં લઈને એ શરાફ બજારમાં ચાલી નીકળ્યો. એક શરાફની દુકાનમાં જઈને બેસી ગયો. શરાફે પૂછ્યું, ''કેમ રામજા ભાઈ, શું વાત છે?''

રામજા ભાઈએ ઝોળીમાંથી ભગવાન ખંડોબા અને એમનું વાહન ઘોડાને બહાર કાઢ્યા અને કહ્યું, ''શેઠજી, મારે આ વેચવા છે. થોડા પૈસાની જરૂર હોવાથી વેચવા પડે છે. આનું મૂલ્ય બતાવો.'' શરાફે વજન કર્યું. ભગવાન

ખંડોબાની મૂર્તિ હતી એક શેરની અને વાહન ઘોડો હતો ત્રણ શેરનો. એ સમયે હજાર રૂપિયામાં એક શેર સોનું મળતું હતું. શરાફ બોલ્યો, ''રામજા ભાઈ, તમારા ભગવાનના એક હજાર રૂપિયા મળશે અને ઘોડાના ત્રણ હજાર.''

સાંભળતાં જ રામજાનો મિજાજ ગયો. ''કેમ શેઠજી,'' એ કહેવા લગ્યો, ''તમારામાં અક્કલ છે કે નથી? મારા ભગવાનની કિંમત એક હજાર રૂપિયા અને ઘોડાની ત્રણ હજાર! તમને કંઈ સમજ છે કે નહીં?'' બોલતાં બોલતાં રામજા ગુસ્સાથી લાલ થઈ ગયો. વસ્તુતઃ અક્કલની કમી રામજામાં જ હતી.

શેઠે કહ્યું, ''અરે રામજા! અક્કલ તારામાં ઘણી ઓછી છે. ભગવાન અને ઘોડો તારી દૃષ્ટિમાં છે. મારે માટે તો બંને સોનું છે અને વજન અનુસાર કિંમત છે. તારા ભગવાનમાં એક શેર સોનું છે એટલા માટે એનું મૂલ્ય એક હજાર અને ઘોડામાં ત્રણ શેર સોનું છે, એટલા માટે ઘોડાનું મૂલ્ય ત્રણ હજાર. વેચવું હોય તો વેચ; નહીં તો પોતાનો રસ્તો પકડ.''

પરમ સિદ્ધ શ્રીએકનાથ મહારાજ આવા જ સમદર્શી હતા. તેઓ કેવળ સોનું જોવાવાળા હતા. એમના માટે સંસારમાં સર્વત્ર એક પરમાત્મા જ હતા. એમનામાં ઊંચનીચનો ભાવ, જાતિવ્યક્તિનો ભેદ કે નાનાંમોટાંનું જ્ઞાન નહોતું. 'હરિરેવ જગત્,' આવી એમની દૃષ્ટિ હતી અને એ પૂર્ણ સમતા ભાવથી રહેતા હતા.

એક દિવસ એમની પાસે એક હરિજન જાતિની છોકરી આવી અને ઘણા પ્રેમ અને ભક્તિભાવથી બોલી.
''હે બાબા! તારે ત્યાં ભગવાન પાણી પણ ભરે છે. હું ન તો એ ભગવાનને જોઈ શકતી, કે ન તો એને બોલાવી શકતી. હે એકનાથ બાબા! તમે જ મારા દેવ છો. મારી રૂખીસૂકી રોટલી અને ચટણી ખાવા મારી ઝૂંપડીમાં આવજો. મેં તારી કથાઓ સાંભળી છે. કથામાં તું કહે છે કે મહાપુરુષ દેવોના સમાન હોય છે. તો બાબા, મારે ત્યાં આજે ભોજન કરજો. હું તને બોલાવવા આવી છું.''

આ પ્રકારે એણે દીનભાવે પ્રાર્થના કરી. એકનાથ મહારાજે એની વાત માની લીધી. તેઓ એ હરિજન છોકરીને ત્યાં ભોજન કરવા ગયા. એમણે એની રાંધેલી રૂખીસૂકી રોટલી ખાઈ લીધી. ત્યાંનાં બધાં લોકોએ આ જોઈ લીધું. પછી શું કહેવું! ઘણી ચર્ચા શરૂ થઈ ગઈ.

લોકોએ કહ્યું, ''જુઓ તો ખરા, પેલા એકનાથે, હરિભક્ત બ્રાહ્મણ હોવા છતાં પણ, એક ભંગીને ત્યાં ભોજન કર્યું. છિઃ, છિઃ! એ તો ભ્રષ્ટ થઈ ગયો. આ કર્મભ્રષ્ટને ત્યાં કોઈ બ્રાહ્મણ ન જાય.'' આમ બધા બ્રાહ્મણોએ એકનાથ મહારાજને બહિષ્કૃત કરી દીધા.

એકનાથ મહારાજને એનાથી કશો ફરક ન પડયો. એ તો દરરોજની જેમ મસ્ત હતા. એમનો નિયમ હતો — ‘સંપદા આપદા માને જે સમ સદા.’ એમની સમસ્થિતિ રહી. તેઓ શાંત ભાવે રહ્યા. ગામનું વાતાવરણ તેમની વિરુદ્ધ થતું ગયું. કંઈ ને કંઈ કહીને બધાં લોકો એમનું અપમાન કરવાં લાગ્યાં અને એમને ધિક્કારવાં લાગ્યાં. એકનાથ મહારાજને આનું કોઈ દુ:ખ ન થયું. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ એ સિદ્ધમહાપુરુષની દૃષ્ટિ સમ હતી.

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

સ્વામી મુક્તાનંદ, *ચિત્‌શક્તિ વિલાસ* (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૩) પૃષ્ઠ ૧૭૭-૧૮૦